રંગભૂમિનાં ગીતો

# સદાબહાર 'તર્ઝે ઠેટર'



રાજુ બારોટ અને સાથી કલાકારો

રંગભૂમિનાં સદાબહાર ગીતોનો કાર્યક્રમ ૨૫મી વખત ગઈ ૯ મી સપ્ટેમ્બરે સાંજના ઠાકોરભાઈ હૉલમાં અમદાવાદ થિએટર ગ્રુપ દ્વારા પ્રસ્તુત થયો ત્યારે ચિક્કાર ભરેલા હૉલની સમક્ષ રાજુ બારોટ અને અન્ય કલાકારો નેહા અને દિપ્તી રામાનુજ, સેજલ, તરુણા, હેતલ, પ્રાચી, લોપા અને સંઈ બર્વે વગેરેએ ગુજરાતી થિએટરના જુનાં નવાં ગીતો નાટ્ય-રસિકો સમક્ષ મૂક્યાં.

આ સમારંભમાં જાણીતા નટ અને ગાયક રઘુવીર યાદવે પણ પારસી થિએટરનાં ગીતો રજૂ કર્યાં.

રંગભૂમિનાં ગીતોનો આવો કાર્યક્રમ ગુજરાતી થિએટરની પ્રવૃત્તિમાં ખૂબ મહત્ત્વનો ગણી શકાય. શરૂઆતમાં આ જૂથ સાથે નિસર્ગ ત્રિવેદી, અર્ચન ત્રિવેદી અને મયંક ઓઝા વગેરે સંકળાયેલા હતા.

અગાઉના એક કાર્યક્રમમાં ગેરેજ સ્ટુડિયો થિએટરમાં આ આખા જૂથે અને જનક દવેએ જુના નવા ગુજરાતી થિએટરનાં ગીતો ૧૯૯૮માં પ્રસ્તુત કર્યાં હતાં. શ્રી નિમેશ દેસાઈ પણ જૂની અને રંગભૂમિનાં ગીતોથી પ્રેક્ષકોને એક વિશેષ અનુભવ કરાવે છે.

આ વિશે રાજુ બારોટે 'નાટક'ના ઓક્ટો.-ડિસે. ૨૦૦૧ના નાટ્યગીત સંગીતના વિશેષ અંકમાં લખ્યું છે આપણી આવી ઘોર નિરાશાજનક પરિસ્થિતિમાં ક્યારેક આવાં છમકલાં મળી રહે છે, એટલે જીવી જવાય છે.

આવા જ એક છમકલાના ભાગરૂપે અમે ત્રણ મિત્રો ભેગા થયા : હું, નિસર્ગ અને અર્ચન. ત્રણેયે નક્કી કર્યું, કે અઠવાડિયે એક વાર ભેગા થવું ને કશુંક ગાવું ! કહેવાતું સુગમ સંગીત તો હવે ક્યાં સુગમ રહ્યું છે? ને અમારી પાસે સંગીત એટલે નાટકનું સંગીત, ને આપણી પાસે તો મરાઠી નાટ્ય સંગીતનો પણ વારસો ક્યાં છે? એટલે ભવાઈના, પારસી - દેશી રંગભૂમિનાં કેટલાંક ગીતો ભેગાં કરી, એક બીજાને એનો પરિચય કરાવી અમે ગાતા રહ્યા. નાટકના જીવ એટલે ભાગીદારી તો જોઈએ જ, એટલે 'તર્ઝે ઠેટર'ના નામે નાના-મોટા પ્રેક્ષક સમૂહ સાથે ક્યારેક ક્યારેક એને માણીએ છીએ, અને આશ્વાસન લઈએ છીએ, કે મ્યુઝિકલ ડ્રામા તો શક્ય નથી, તો માત્ર એકલાં ગીતોથી જ એની અભિનેયતા માણીએ...

બીબાંઢાળ, ચમકતા રેપરવાળા માત્ર સંવાદોની ઊલ્ટી કરતાં, સંગીતની ચોરી કરી માત્ર સંયોજન કરતાં નાટકોમાં આ બધા અનુભવો માટે તો ઘણું છેટું પડી ગયું છે... •

રઘુવીર યાદવે 'લૈલામજનુ'નાં ગીતો પીરસ્યાં

